॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# વ્યાપકાનંદ સ્વામીનું આખ્યાન


પ્રેરક : પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

**શ્રી સહજાનંદ સંસ્કાર ધામ મહામંત્રપીઠ**

ફરેણી (સ્વામિનારાયણ) પીન : ૩૬૦૩૭૦

ફૂલવાડી, તા. ધોરાજી, જિ. રાજકોટ (ગુજરાત)

ફોન : (૦૨૮૨૪) ૨૮૩૩૮૩, ૨૮૩૧૦૮

E-mail : mantrapith_fareni@yahoo.co.in

www.farenidham.org



**પ્રકાશક :-**

શ્રી સહજાનંદ સંસ્કાર ધામ મહામંત્રપીઠ

**ફરેણી** (સ્વામિનારાયણ) ૩૬૦ ૩૭૦

**પ્રકાશન તિથિ :-** સ્વામિનારાયણ મંત્ર પ્રાગટ્ય દિન

માગશરવદિ-૧૧, તા. ૨૧-૧૨-૨૦૧૧

**ચોથી આવૃત્તિ :** ૨૫,૦૦૦

**પ્રાપ્તિસ્થાન :-**

શ્રી સહજાનંદ સંસ્કાર ધામ મહામંત્રપીઠ

**ફરેણી** (સ્વામિનારાયણ) ૩૬૦ ૩૭૦

ફૂલવાડી, તા.ધોરાજી, જિ.રાજકોટ (ગુજરાત)

**મુદ્રક :** હરિકૃષ્ણ ગ્રાફિક્સ, અમદાવાદ

ફો. (૦૭૯) ૨૬૪૨૧૦૦૮, મો. ૯૮૨૫૮ ૫૦૫૫૯

E-mail : harikrushnagraphics@yahoo.co.in


## માહાત્મ્ય

**"વ્યાપકાનંદનું આખ્યાન, કોઇ કહેશે કે સુણશે કાન,**
**તેના સિદ્ધ મનોરથ થાશે, અંતે અક્ષરધામમાં જાશે."**

વ્યાપકાનંદ સ્વામીનું આખ્યાન કોઈ કહેશે કે સાંભળશે તો તેને અક્ષરધામની પ્રાપ્તિ થશે, આવો મહિમા કહ્યો છે. એમાં સમજવાનું એમ છે કે, વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિ પ્ર.૭૬માં શ્રીજી મહારાજના વચનામૃતો લખ્યા છે.

**"વળી કહું એક વારતા, સર્વે કીધું આપણું થાય છે;**
**સુખ દુઃખ વળી જય પરાજય, યત્કિંચિત જે કહેવાય છે"**
**"તે માટે તમે સાંભળો, સત્સંગી સહુ નરનાર;**
**જે જે થાય છે જક્તમાં, તેનો બીજો નથી કરનાર"**

સદ્.ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાતોમાં એમ કહ્યું છે કે; **"શ્રીજી મહારાજને**



**સર્વોપરી જાણ્યા વિના અક્ષરધામમાં જવાતું જ નથી."** અને અહીંયા પણ કહ્યું કે, આ આખ્યાન સાંભળવાથી અને કહેવાથી અક્ષરધામની પ્રાપ્તિ થાશે, એટલે આ આખ્યાનમાં શ્રીજી મહારાજ સર્વોપરી છે તે સ્પષ્ટપણે જણાવ્યું છે. સર્વોપરી **"સ્વામિનારાયણ"** મહામંત્રનો ઉદ્‌ઘોષ સાથે સ્વયં શ્રીહરિ સર્વોપરી છે. એવો મહિમા આ આખ્યાનમાં જણાવ્યો છે. કારણ કે કોઈનું પણ નામ બોલવાથી શીતળદાસ અનેકરૂપે ન થઈ શક્યા, પરંતુ **"સ્વામિનારાયણ"** એવું નામ બોલવા માત્રથી શીતળદાસ અનેકરૂપે થયા. કારણ કે નામીએ સહિત નામનો આવો મહિમા છે. ફરેણીમાં જે મૂર્તિ નજરે નિહાળી એજ મૂર્તિના અક્ષરધામમાં દિવ્ય સ્વરૂપે દર્શન કર્યા અને સમાધિમાંથી જાગ્રત થઈને એજ મૂર્તિ ફરેણીમાં પ્રત્યક્ષપણે નિશ્ચય



સ્વરૂપે જાણવામાં આવી. પછી તો સર્વ પ્રકારના મનના માનેલા ધર્મ, પોતે નક્કી કરેલી નિષ્ઠા, ઉપાસના અને પોતે નક્કી કરેલા જપ કરવાના મંત્રો આદિકનો ત્યાગ કરીને શીતળદાસે શ્રીહરિની શરણાગતિ સ્વીકારીને ભાગવતી દીક્ષા ગ્રહણ કરીને શ્રીહરિની ઉપાસનાની દૃઢતા કરી. એટલે જ આ આખ્યાન સાંભળવાથી નિશ્ચય પરિપક્વ થાય છે અને અંતે અક્ષરધામની પ્રાપ્તિ થાય છે.

આવી પ્રાપ્તિ થયા પછી આ લોકના કે અન્ય લોકના સુખ, સમૃદ્ધિ કે વૈભવ એ ભક્ત માટે દુર્લભ નથી. પછી તો એવો ભક્ત જે જે મનોરથ કરે તે સર્વે સિદ્ધ થાય છે. છતાંય એ ભક્તને ભગવાન સિવાય ક્યાંય પ્રીતિ નથી માટે એ ભક્ત નિષ્કામ છે.



**"સકામી નર પામે સુમરી ત્રિવર્ગને"**

આ પંક્તિ પ્રમાણે સકામ ભાવથી કોઈ ભક્ત આ આખ્યાન ગાશે કે સાંભળશે એને ધર્મ, અર્થ, કામની પ્રાપ્તિ થશે. પુત્રાર્થી પુત્ર પામશે. સુખાર્થી સુખને પામશે, વિદ્યાર્થી વિદ્યા મેળવશે, ધનાર્થી ધન મેળવશે, અન્ય લોકના સુખની ઈચ્છા કરશે, તો સર્વ લોકના સુખની પ્રાપ્તિ થશે. આવી રીતે સકામ ભક્તની ઈચ્છાઓ પુરી થશે. છતાંય એ ભક્તને પણ જ્યારે ત્યારે નિષ્કામ તો થવું જ પડશે. તો સર્વેને નિષ્કામ ભક્તિ કરવા માટે નિષ્કામ ભક્તનો સમાગમ કરવાનું બળ મળે તેવી સ્વામિનારાયણ ભગવાનના ચરણારવિંદમાં પ્રાર્થના સાથે જય સ્વામિનારાયણ.

શાસ્ત્રી બાલકૃષ્ણદાસજી

ફરેણીધામ

## -: સૌજન્ય :-

આ વ્યાપકાનંદ સ્વામીના આખ્યાનના પ્રકાશનમાં આર્થિક સહયોગ આપનાર ગામ તરવડાના અને બળદની પૂન્ય સ્મૃતિમાં પ.ભ. શ્રી ભીખાભાઈ હરિભાઈ ઢુંમર હ. હિમાંશુભાઈ તથા બાલકૃષ્ણભાઈ તથા પરિવારે ઉદારતાથી સેવા કરેલ છે. તો આ પરિવારનું સર્વ રીતે મંગળ કરે એવી શ્રીહરિને પ્રાર્થના....



# શ્રી વ્યાપકાનંદ સ્વામીનું આખ્યાન

## શ્રી સ્વામિનારાયણ નામનો મહિમા

### ચોપાઇ

વ્યાપકાનંદનું આખ્યાન,
કોઈ કહેશે કે સુણશે કાન;
તેના સિદ્ધ મનોરથ થાશે,
અંતે અક્ષર ધામમાં જાશે,

### પૂર્વછાયો

કહે અચિંત્યાનંદજી,
સુણો ભૂપતિ સદ્‌ગુણવાન;
શીતળદાસ તણું કહું,
પામી પ્રસંગ શુભ આખ્યાન.....૦૧

### ચોપાઇ

ઝરણાપરણાનાં નિવાસી,



એક વિપ્ર જગતથી ઉદાસી;
ઋષિ એકલ શૃંગીના વંશી,
જેવા ઈશ્વરના હોય અંશી.....૦૨
અંગે ધારી વૈરાગીનો વેશ,
ચાલ્યા ફરવાને દેશવિદેશ;
જાણે જોઉં તીરથનાં સ્થાન,
મળે ક્યાંય પ્રગટ ભગવાન.....૦૩
જોયા તીર્થનાં સ્થાન અપાર,
આવ્યા પશ્ચિમ દેશ મોઝાર;
વાત સાંભળી ત્યાં એવી કાન,
રામાનંદ છે શ્રી ભગવાન.....૦૪
તેના દર્શન કરવાને કામ,
ચાલી આવ્યા તે ફણેણી ગામ;
કહી ત્યાં કોઈયે વાત એહ,
રામાનંદ તજી ગયા દેહ.....૦૫



તેને તેર દિવસ આજ થયાં,
ગાદી વર્ણીને સોંપીને ગયા;
પછી કરવાને કાંઈ તપાસ,
સાધુ આવ્યા તે શ્રીહરિ પાસ.....૦૬
સાધુ શીતળદાસ છે નામ,
કર્યા જઈ પ્રભુપદ ને પ્રણામ;
શ્રીજીએ જાણ્યું સાધુ છે સારો,
એનો આપ્યો એકાંતે ઉતારો.....૦૭
સાધુ એવો વિચાર તે લાવ્યા,
રામાનંદ સ્વધામ સિધાવ્યા;
પણ સાધુ છે તેહના ધન્ય,
કરું તેને તો પ્રથમ પ્રસન્ન.....૦૮
પછીથી પ્રભુ ખોળવા કામ,
જોઉં જઈ ફરીને ચારે ધામ;
મહારાજ મને ક્યાંય મળશે,



મારા ચિતની ચિંતા તો ટળશે.....૦૯
એમ કરતાં વીતી ગઈ રાત,
થયું ચૌદમાં દિનનું પ્રભાત;
શ્રીજી બેઠા સભા સજી જ્યારે,
આવ્યા શીતળદાસ ત્યાં ત્યારે.....૧૦
સભામાં બેસી સાંભળી વાત,
જાણ્યા મોટા પુરુષ સાક્ષાત્;
ચિત્તે ચાલવા કીધો વિચાર,
બોલ્યા અંતરજામી તે વાર.....૧૧
કરો ચાલવાનું ચિત્ત કેમ,
કરો કેમ ઉતાવળ એમ;
સાધુ બોલિયા જોડીને હાથ,
મારી વિનતી સુણો મુનિનાથ.....૧૨
રામાનંદના દર્શન કાજ,
અહીં આવ્યો હતો હું તો આજ;



હતી આશા તે નિષ્ફળ થઈ,
પ્રભુ ખોળું બીજે સ્થળે જઈ.....૧૩
સુણી બોલ્યા શ્રીજી મહારાજ,
રામાનંદને મેળવું આજ;
કરો આજ અહીં સ્થિરવાસ,
થશે પૂર્ણ તમારી તે આશ.....૧૪
કહે સાધુ મળે રામાનંદ,
ત્યારે તો અતિ ઉપજે આનંદ;
સુણી બોલ્યા સુંદર શ્યામ,
રટો સ્વામિનારાયણ નામ.....૧૫
લાગ્યા નામ તે રટવાને જ્યારે,
થઈ તેને સમાધિ તે વારે;
સમાધિ વિષે શીતળદાસ,
ગયા અક્ષરધામ નિવાસ.....૧૬

## પૂર્વછાયો

કોટી કોટી શશી સૂર્ય સમ,
અતિ શીતળ સુખદ અનંત;
એવા તેજોમય ધામમાં,
દીઠા પુરુષોત્તમ ભગવંત.....૧૭
જે છબી જોઈ ફણેણીમાં,
દીઠી એ જ પ્રત્યક્ષ પ્રમાણ;
અનંત અક્ષર મુક્ત મળિ,
સજે સેવા પરમ સુજાણ.....૧૮
ઉભા સ્તુતિ કરે આગળે,
મત્સ્યાદિક ચોવીસ અવતાર;
ઉભા સ્વામી રામાનંદ પણ,
કરે એહના ગુણ ઉચ્ચાર.....૧૯
શીતળદાસે શ્રીજીની,
કરી પૂજા ધરીને પ્રેમ;



અનંત મુક્તને પૂજવા,
કરી ઈચ્છા પૂજે પણ કેમ.....૨૦
શ્યામે શીતળદાસને,
કહ્યું ધરો અનંત સ્વરૂપ;
અનંત મુક્તની એક ક્ષણમાં,
પૂજા કરો મુનિ ભૂપ.....૨૧
ત્યારે તેતો કર જોડીને,
કહ્યું મુજથી તે કેમ થાય ?
શ્રીજી કહે નિજ અંતરે,
તમે એવી કરો ઈચ્છાય.....૨૨
આ સ્વામી રામાનંદ તે,
હોય પુરુષોત્તમ ભગવંત;
તો તેહના જ પ્રતાપથી,
મારા દેખાય રૂપ અનંત.....૨૩
શીતળદાસે ધારિયું,



પણ સિદ્ધ થયું ન લગાર;
ત્યારે વળી શ્રીજી કહે,
જુઓ ચોવીસ આ અવતાર.....૨૪
તે પ્રત્યેક વિષે તમે,
ચિત્ત કરો એમ વિચાર;
તે પુરુષોત્તમ હોય તો,
મારા થાય સ્વરૂપ અપાર.....૨૫
કર્યો એવો સંકલ્પ તે,
જયારે સુફળ ન થયો લેશ;
ચિંતવન એવું મુજ વિશે,
હવે કરો કહે પરમેશ.....૨૬
શીતળદાસે ધારિયું,
સ્વામી આ છે સહજાનંદ;
તે પુરુષોત્તમ હોય તો,
મારા થાય સ્વરૂપના વૃંદ.....૨૭



તે સમે શીતળદાસના,
ત્યાં તો રૂપ થયા અગણિત;
અનંત મુક્તની એકક્ષણમાં,
પૂજા કરી ધરીને પ્રીત.....૨૮

## ચોપાઇ

રામાનંદજીની પૂજા કરી,
કરી વિનતિ ભલો ભાવ ધરી;
તમે ભગવાન છો મહારાજ,
હું તો આવ્યો તો તમારે કાજ.....૨૯
સૂણી બોલ્યા રામાનંદ સ્વામી,
ભગવાન તો અક્ષરધામી;
તમે જોયા ફણેણીમાં જેહ,
જુઓ આ દિસે પ્રત્યક્ષ એહ.....૩૦
સર્વે અવતારના અવતારી,
સર્વોપરી વિશ્વવિહારી;



હું તો છું એના દાસનો દાસ,
સજું સેવા રહી પ્રભુ પાસ.....૩૧
જાણો ઉદ્ધવ છે મારું નામ,
કહે શ્રી હરિ તે કરું કામ;
સર્વ અવતાર એમાં સમાય,
પોતે કોઈમાં લીન ન થાય.....૩૨
એવી વાત કહી જેહ વાર,
થયા લીન બધા અવતાર;
સરિતાઓ મળે તે સાગરમાં,
મળ્યા અવતાર સૌ હરિવરમાં.....૩૩
દીઠા અક્ષર પુરૂષ અનેક,
સૌના નિયંતા શ્રી હરિ એક;
એવા સમરથ શ્રી ભગવાન,
કોણ માત્ર તે પુરૂષ પ્રધાન.....૩૪
એવું આશ્ચર્ય નજરે નિહાળી,



જાણ્યા પ્રત્યક્ષ શ્રી વનમાળી;
ભક્તિ પુત્ર જાણ્યા ભગવાન,
બીજો નહિ કોઈ તેહ સમાન.....૩૫
પછી સંતે શરીરમાં આવી,
સભામાં બધી વાત સુણાવી;
રામાનંદ તણાં શિષ્ય તોય,
વાત માની શકયા નહિ કોય.....૩૬
રામાનંદ જ છે ભગવાન,
એવા નિશ્ચલ નિશ્ચયવાન;
કેમ માને તે તો બીજી વાત,
બોલ્યા હાથ જોડી સાક્ષાત.....૩૭
અમને પણ ધામ દેખાડો,
મન સંશય સર્વ મટાડો;
સુણી બોલીયા સુંદર શ્યામ,
રટો સ્વામિનારાયણ નામ.....૩૮

સભા સર્વ લાગી ધૂન્ય કરવા,
મન સંશય સૌ પરહરવા;
સમાધિ સર્વ ભક્તને થઈ,
જોયું અક્ષરધામ તે જઈ.....૩૯
ત્યાં તો અક્ષરધામના ધામી,
દીઠા શ્રી સહજાનંદ સ્વામી;
ઉભા સેવામાં શ્રી રામાનંદ,
તથા અક્ષર મુક્તનાવૃંદ.....૪૦
સર્વ શ્રીહરિને જ આધીન,
થયા સૌ હરિરૂપમાં લીન;
આવું અચરજ દેખી અપાર,
જાણ્યા સર્વેશ ધર્મકુમાર.....૪૧
પછી સર્વ સમાધિથી જાગ્યા,
પ્રભુ પ્રત્યક્ષને પગે લાગ્યા;
વિનંતી કરી મસ્તક નામી,



સર્વોપરી છો આપ સ્વામી.....૪૨
પછી સાધુ તે શીતળદાસે,
લીધી દીક્ષા મહાપ્રભુ પાસે;
નામ વ્યાપકાનંદ વરિષ્ટ,
થયાં પરમ સમાધિ નિષ્ઠ.....૪૩
એના પરચાની વાતો અનેક,
તે તો જાણે છે સંત પ્રત્યેક;
પછી સ્વામિનારાયણ નામ,
તેનો મહિમા કહ્યો ઘનશ્યામ.....૪૪

**ઉપજાતિવૃત્ત**

જે સ્વામિનારાયણ નામ લેશે,
તેના બધા પાતક બાળી દેશે;
છે નામ મારા શ્રુતિમાં અનેક,
સર્વોપરિ આજ ગણાય એક.....૪૫



જો સ્વામિનારાયણ એક વાર,
રટે બીજા નામ રટ્યા હજાર;
જપ્યા થકી જે ફળ થાય એનું,
કરી શકે વર્ણન કોણે તેનું.....૪૬
ષડ્ક્ષરી મંત્ર મહા સમર્થ,
જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે,
અંતે વળી અક્ષરધામ આપે.....૪૭
ગાયત્રીથી લક્ષ ગણો વિશેષ,
જાણે જ જેનો મહિમા મહેશ,
જ્યાં જ્યાં મહા મુક્તજનો વસાય,
આ કાળમાં તો જપ એ જ થાય.....૪૮
જો અંતકાળે શ્રવણે સુણાય,
પાપી ઘણો તે પણ મોક્ષ થાય;
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે,



તે મંત્રથી તો સદ્બુદ્ધિ જાગે.....૪૯
તે મંત્ર જેના મુખથી જપાય,
તેના થકી તો જમનાશી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે,
ભાવે કુભાવે પણ મુક્તિ લેશે.....૫૦
ષડ્ક્ષરો છે ષટ શાસ્ત્ર સાર,
તે તો ઉતારે ભવ સિંધુ પાર;
છયે ઋતુમાં દિવસો નિશાયે,
સર્વ ક્રિયામાં સમરો સદાયે.....૫૧
પવિત્ર દેહે અપવિત્ર દેહે,
તે નામ નિત્યે સમરવું સ્નેહે;
જળે કરિને તન મેલ જાય,
આ નામથી અંતર શુદ્ધ થાય.....૫૨
જેણે મહા પાપ કર્યા અનંત,
જેણે પીડ્યા બ્રાહ્મણ ધેનું સંત;



તે સ્વામિનારાયણ નામ લેતા,
લાજી મરે છે મુખથી કહેતા.....૫૩
શ્રી સ્વામિનારાયણ નામ સાર,
છે પાપને તે પ્રજળાવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું,
બળ્યા વિના કેમ રહેજ તેનું.....૫૪

**ચોપાઇ**

એમ નામનો મહિમા ઉચાર્યો,
સંત હરિજને હૈયામાં ધાર્યો;
કહે વર્ણિ સુણો હે રાય,
એવું ભજન તે દિવસથી થાય.....૫૫
તેના પહેલાં ભજન એમ થાતું,
રામકૃષ્ણ ગોવિંદ ભજાતું;
હરે નારાયણની ઉચ્ચારી,
સહુ કરતા ભજન નરનારી.....૫૬



ચૌદમાંથી નવી રીત કરી,
સૌના અંતર માંહી ઉતરી;
પરગામથી આવેલા જન,
પ્રભુ તે પ્રત્યે બોલ્યા વચન.....૫૭
જાઓ પોતે પોતાના પ્રદેશ,
ભગવાનને ભજો હંમેશ;
રામાનંદ સ્વામી નથી ગયાં,
સદા છે સતસંગમાં રહ્યા.....૫૮
કદીયે નહિ દિલગીરી કરવી,
ધર્મમાં રહી ધીરજ ધરવી;
એમ કહી કર્યા સૌને વિદાય,
ચાલ્યા સૌ પ્રભુને નામી પાય.....૫૯
વ્યાપકાનંદનું આખ્યાન,
કોઈ કહેશે કે સુણશે કાન;

તેના સિદ્ધ મનોરથ થાશે,
અંતે અક્ષરધામમાં જાશે.....૬૦

**પુષ્પિતાગ્રાવૃત**

હરિ હરિજનની કથા પવિત્ર,
શ્રવણ કર્યાથી મટે ભ્રમો વિચિત્ર;
તન મન પણ સદ્ય શુદ્ધ થાય,
શુક સનકાદિક સદૈવ તેથી ગાય.....૬૧

ઈતિ શ્રી વિહારીલાલજી આચાર્ય વિરચિતે હરિ લીલામૃતે પંચમ કળશે અચિંત્યાનંદ વર્ણિન્દ્ર અભયસિંહ નૃપસંવાદે વ્યાપકાનંદ આખ્યાને સ્વામિનારાયણ નામ મહિમા કથને તૃતિયો વિશ્રામ.



## ફરેણીધામનો મહિમા

ફરેણીમાં હાલ જ્યાં મંદિર છે, ત્યાં વેલાભાઈ સોનીનાં ઘરે સદ્.રામાનંદ સ્વામી અને શ્રી સહજાનંદ સ્વામી ઉતરતા. આ પવિત્ર સ્થળે દિવ્ય કલ્યાણકારી અનેક અલૌકિક પ્રસંગો બનેલા છે. તે જ પાવનકારી સ્થળે અ.મૂ.સદ્.શ્રી ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી મોટા વ્રજાનંદ સ્વામીએ મંદિર બનાવેલું છે. જે મંગળકારી, પાવનકારી મહાપ્રસાદીભૂત દર્શનીય સ્થળ છે.

૧. જ્યાં ઉદ્ધવાવતાર સદ્.શ્રી રામાનંદ સ્વામીએ મોક્ષાર્થી યાત્રાળુઓ માટે સદાવ્રત ચાલુ કરાવેલ.
૨. એ જ પવિત્ર સ્થળે સદ્.શ્રી રામાનંદ સ્વામીએ સ્વાશ્રિતોની આધિ, વ્યાધિ અને ઉપાધિ ટાળવાં કષ્ટભંજન દેવ (હનુમાનજી) ચૈત્ર સુદિ-૧૫



(પૂનમ) ના રોજ પધરાવી આરતી ઉતારી દર્શનાર્થીઓનાં રક્ષણ માટે જવાબદારી સોંપી. સમય જતાં એ જ કષ્ટભંજનદેવની શ્રી સહજાનંદ સ્વામીએ પણ આરતિ ઉતારી વિશેષ દૈવત પ્રદાન કર્યું.
૩. એ જ સ્થળે અ.મૂ.સદ્.શ્રી ગુણાતીતાનંદ સ્વામીનાં શિષ્ય સદ્.શ્રી બાલમુકુંદદાસજી સ્વામીએ કષ્ટભંજનદેવનું બીજુ સ્વરૂપ પધરાવી આરતિ ઉતારી સ્વાશ્રિતોના ક્ષેમકુશળની જવાબદારી સોંપી.
૪. સદ્. શ્રી રામાનંદ સ્વામી સંવત્ ૧૮૫૮ની માગશર સુદિ-૧૩ (તેરસ) ગુરુવારનાં રોજ અંતર્ધાન થયા. તેમનો અંતિમ સંસ્કાર વિધિ ભદ્રાવતી વાવને કાંઠે કરવામાં આવ્યો. એ જ સમયમાં શ્રી સહજાનંદ સ્વામીએ રામાનંદ



સ્વામીનાં ૬૦ શિષ્યોને એક જ દિવસમાં જ ધામમાં મોકલ્યા.
૫. સંવત્ ૧૮૫૮ની માગશર વદિ-૧૧ (એકાદશી) તા.૩૧-૧૨-૧૮૦૧ ગુરુવારે રામાનંદ સ્વામીના ચૌદમાને દિવસે શ્રી સહજાનંદ સ્વામીએ સ્વાશ્રિતોનો શોક દૂર કરવા પ્રથમ ધર્મસભા કરી. સૌ પ્રથમવાર ઝરણાપરણાનાં સંન્યાસી શીતળદાસને સમાધિ કરાવી. અક્ષરધામની આ સમાધિમાં રામાનંદ સ્વામીને સહજાનંદ સ્વામીની સેવા કરતા દિવ્ય દર્શન કરાવી પોતાનું સર્વોપરીપણું જણાવ્યું. સંન્યાસી શીતળદાસને પ્રથમ સાધુ દીક્ષા આપી વ્યાપકાનંદ નામાભિધાન કર્યું.
૬. ફરેણીમાં શ્રીજી મહારાજ, પાંચસો પરમહંસો તેમજ અનેક હરિભક્તોએ અનેકવાર સ્નાન



કર્યું, એવી મહાપ્રસાદિભૂત ભદ્રાવતી વાવ છે.
૭. એ જ પ્રસંગે સ્વાશ્રિતો પાસે પ્રથમવાર **'સ્વામિનારાયણ'** મહામંત્રની ધૂન કરાવી. ઉદ્ધવ સંપ્રદાયને **'સ્વામિનારાયણ સંપ્રદાય'** તરીકે ઉદ્‌ઘોષિત કર્યો. આ પ્રસંગે જ આગેવાન સ્વાશ્રિતોએ શ્રી સહજાનંદ સ્વામીને સૌપ્રથમ વસ્ત્રાભૂષણો ધારણ કરાવી આનંદ વ્યક્ત કરતાં પૂજન કર્યું.
૮. સંવત્ ૨૦૬૦ ની માગશરવદિ-૧૩ (તેરસ) તા.૨૧-૧૨-૦૩ રવિવારનાં રોજ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજની પાવન પધરામણી પણ થયેલ છે.
૯. સવિશેષ માહિતી માટે શ્રી સહજાનંદ સંસ્કાર ધામ મહામંત્રપીઠ-ફરેણી દ્વારા પ્રકાશીત 'ફરેણી માહાત્મ્ય' નો અભ્યાસ અનિવાર્ય છે.



## સંસ્થાકીય ઉદેશો

★ શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે સત્સંગ વિચરણ, સત્સંગ સભાઓ, સત્સંગ શિબિરો દ્વારા શ્રીજી મહારાજ અને નંદસંતોનાં સિદ્ધાંતોનો પ્રસાર અને પ્રચાર કરવો.
★ શ્રી સહજાનંદ સંસ્કાર ધામ, મહામંત્રપીઠ ફરેણી ખાતે નૂતન સભાખંડ, નૂતન સ્વામિનારાયણ અતિથિ ભવન, નૂતન સાધુ આશ્રમ અને નૂતન ભોજનાલય વગેરેનું નિર્માણ કાર્ય.
★ નિવૃત તેમજ ધર્મપરાયણ જીવન વ્યતિત કરવાં ઈચ્છતા કોઈપણ ગૃહસ્થીઓ માટે સુવિધા સંપન્ન સુંદર ''શાંતિનિકેતન'' યોજના.
★ આર્થિક રીતે નબળા પરંતુ અભ્યાસમાં પ્રવિણ બાળકો માટે કેળવણી યોજના.

★ બાળ, યુવા અને મહિલા મંડળો દ્વારા ધાર્મિક તેમજ સામાજીક પ્રવૃત્તિઓ.

★ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ વગેરે દેવ સંબંધિ આપત્તિઓમાં સહાય.

★ ધાર્મિક પુસ્તકો તેમજ સીડી, વીસીડી, ડીવીડી અને એમપી-૩ દ્વારા ધાર્મિક સાહિત્ય પ્રકાશનો.

★ આધિ, વ્યાધિ, ઉપાધિ-ત્રિવિધ તાપનાં શમન માટે **ભક્તચિંતામણિ** પારાયણો.

શ્રી ‘‘સ્વામિનારાયણ મંત્ર કોણે, ક્યારે અને ક્યાં પ્રગટ કર્યો ?

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના ક્યારે, કોણે અને ક્યાં કરી ?

આ સંપ્રદાયમાં સાધુદીક્ષા પ્રથમ કોને અને કોણે આપી ? તેમજ સમાધિ પ્રકરણ પ્રથમ કોણે ચાલતું કર્યું ?



**“સ્વામિનારાયણ”** મહામંત્રને યથાર્થ મહિમા કોણે, ક્યારે અને ક્યાં કહ્યો ?

આ મહામંત્રની ધૂનની શરૂઆત કોણે, ક્યાં અને ક્યા સમયે કરાવી ?

આ મહામંત્રનો યથાર્થ મહિમા જાણીને કોને પ્રાપ્તિ થઈ ? વગેરે

શ્રી સ્વામિનારાયણ મહામંત્રના મહિમાપૂર્વકના ગાનથી હજારોને શાંતિ પ્રાપ્ત થઈ છે. ધનાર્થી ધનને પામ્યા છે. સુખાર્થી સુખને પામ્યા છે. વિદ્યાર્થીઓએ વિદ્યા પ્રાપ્ત કરી છે. પુત્રાર્થીઓ પુત્રને પામ્યા છે. ત્રિવિધ તાપથી તપ્તજનો શાંતિને પામ્યા છે. અને મોક્ષાર્થીઓને મોક્ષ આપનારું આખ્યાન એટલે આ વ્યાપકાનંદ સ્વામીનું આખ્યાન.

સારાયે સંપ્રદાય માટે ફરેણીના સુવર્ણ અવસરો

| ક્રમ | સંવત | માસ | તિથિ | વાર | તારિખ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | ૧૮૫૮ | માગશર | સુદિ-૧૩ | ગુરુવાર | ૧૭-૧૨-૧૮૦૧ |
| ૩ | ૧૮૫૮ | માગશર | વદિ-૧૧ | ગુરુવાર | ૩૧-૧૨-૧૮૦૧ |
| ૪ | ૧૮૫૮ | માગશર | વદિ-૧૧ | ગુરુવાર | ૩૧-૧૨-૧૮૦૧ |
| ૫ | ૧૮૫૮ | માગશર | વદિ-૧૧ | ગુરુવાર | ૩૧-૧૨-૧૮૦૧ |
| ૬ | ૧૮૫૮ | માગશર | વદિ-૧૧ | ગુરુવાર | ૩૧-૧૨-૧૮૦૧ |
| ૭ | ૧૮૫૮ | માગશર | વદિ-૧૧ | ગુરુવાર | ૩૧-૧૨-૧૮૦૧ |
| ૮ | | | | | |
| ૯ | | | | | |
| ૧૦ | ૨૦૬૦ | માગશર | વદિ-૧૩ | રવિવાર | ૨૧-૧૨-૧૮૦૩ |

પ્રસંગ

સદ્ રામાનંદ સ્વામીને કષ્ટભંજન દેવ પધરાવ્યા

સદ્. રામાનંદ સ્વામીની વિરોધાન લીલા પ્રથમ ધર્મસભા

સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય દિન પ્રથમ સમાધિ કરાવી

સંન્યાસી શીતળદાસને પ્રથમ ભાગવતી

દીક્ષા-સ્વામી વ્યાપકાનંદ

ઉદ્ધવ સંપ્રદાયને સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે ઉદ્ઘોષિત કર્યો.

અ.મૂ.સદ્.ગુણાતીતાનંદસ્વામીએ વ્રજાનંદ સ્વામી પાસે પ્રથમ હરિમંદિર કરાવ્યું. સદ્.

બાલમુકુંદદાસજી સ્વામીએ બીજા હનુમાનજી પધરાવ્યા.

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની પાવન પધરામણી